**પોરબંદરના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. પોરબંદર.**

**<u>ક્રિ.પ.અ.નં.૨૫૧/૨૦૨૬.</u>**

**આંક–**

**અરજદાર:** **શુભ્રા ડો/ઓ. ભાનુપ્રકાશ આચાર્ય,**
ઉ.વ.આ.૫૪,
મુળ રહે. ડી–૧૩૭, ટી–૨, આનંદ મંગલ એપાર્ટમેન્ટ, જયપુર રાજસ્થાન,
હાલ રહે. એફ–૩૨૩, અંજલી સીએચએસ, સેવન બંગ્લોઝ, અંધેરી વેસ્ટ મુંબઈ.
હાલ : જયુડી. કસ્ટડી ખાસ જેલ પોરબંદર.

વિરૂઘ્ધ

સામાવાળા : ધ સ્ટેટ ઓફ ગુજરાત
નોટીસ થ્રુ ડી.જી.પી. પોરબંદર.

**<u>બાબત</u> : <u>ભા.ના.સુ.સં. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મુકત થવાની અરજી .</u>**

---

અરજદાર તરફે વિ. વકીલશ્રી વી. જી. પરમાર.
સામાવાળા સરકાર તરફે વિ.પી. પી. શ્રી એ. જે. લીલા.

---

**<u>હુ ક મ</u>**

૧. અરજદાર/આરોપી ઘ્વારા હાલની આ જામીન અરજી બી.એન.એસ.એસ. ક. ૪૮૩ હેઠળ તેઓને કમલાબાગ પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૧૮૦૦૯૨૬૦૨૪૦/૨૦૨૬, ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦(બી) મુજબ ગુન્હાના કામે અટક કરવામાં

આવેલા છે, તે ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી દાખલ કરેલ છે.

૨. અરજદારની અરજી અન્વયે નોટીસ સામાવાળા શ્રી સરકારને બજી જતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા ઉપસ્થિત રહેલા છે અને તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરતું પોલીસ અધિકારીશ્રીનું સોગંદનામુ રજૂ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

૩. અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી ની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે અરજદાર સામે કોઈ માનવા લાયક કેસ કે પ્રથમ દર્શનીય પુરાવો નથી. કહેવાતો ગુન્હો સને ૨૦૨૩ ની સાલનો છે અને તેની ફરીયાદ સને ૨૦૨૬ માં એટલે ત્રણ વર્ષના વિલંબ બાદ આપવામાં આવેલ છે. આ કામમા તપાસ પુર્ણ થઈ અને ચાર્જશીટ થયા બાદ ટ્રાયલ ચાલવામા લાંબો સમય જાય તેમ છે અને અમને નિર્દોષ ને પ્રી ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે અમે યુવાન છીએ પરીવાર ની જવાબદારી છે અને અમે કયાંય નાશીભાગી જાય તેમ નથી, આ કોર્ટ ફરમાવશે તેવી શરતોનુ પાલન કરવાની ખાત્રી આપી આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકાર પક્ષે, પી.પી. શ્રીની રજુઆત છે કે, આ કામે આરોપી સામે છેતરપીંડી અને વિશ્ર્વાસઘાત જેવા ગંભીર ગુન્હાનો પ્રથમ દર્શનીય કેસ રહેલ છે. અરજદારે અન્ય આરોપી સાથે મળી રુા. ૭૨.૫૦ મેળવી વિદેશ જવાની લાલચ આપી છેતરપીંડી આચરેલ છે. આરોપી મુળ રાજસ્થાનના છે હાલમાં મુંબઈ

રહે છે અને તેઓ સામે આજ પ્રકારના અન્ય ગુન્હાઓ નોંધાયેલ છે. અને તપાસ હાલ મહત્વના તબકકે રહેલ હોય અને ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તપાસ કરનાર અધીકારીના સોગંદનામાની હકીકતો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

પ. બંને પક્ષોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજદારની જામીન અરજી વંચાણે લીધી. ફરીયાદ કેસની ટુંક વિગત વંચાણે લઈએ તો આ કામના આરોપીઓએ સાથે મળી ગુન્હાહીત કાવતરુ રચી ફરીયાદીને વર્ક વીઝા, એજયુકેશન વિઝા વિઝિટર વીજા વિશે માહીતી આપી પોતાની ''ઓપોર્ચ્યુનીટી ઈન્ટરનેશનલ'' સાથે જોવાની વાત કરી વિઝા ફાઈલ કરાવાની કામગીરીથી સારી આવક મળી શકે તેમ સમજાવી પોતાની સંસ્થામાં જોડાવવાની ઓફર કરી વિશ્વાસમાં લઈ પોરબંદરના કુલ ૧૨ કલાયન્ટને જુદાજુદા દેશોમાં વર્ક વીઝાઅપાવાની ખાત્રી આપતા ફરીયાદીએ આરોપીના ખાતામાં કલાયન્ટ ફી પેટે ટ્રાન્સફર કરી તેમજ આં ગડીયા મારફતે પણ મોકલી કુલ રુા. ૭૨.૫૦,૦૦૫ આરોપીઓ ધ્વારા મેળવી લઈ કલાયન્ટના વિઝા લેટર, ઓફર લેટર તથા ઈનવોઈસીસ જેવા મહત્વના દસ્તાવેજો ખોટા બનાવી વોટસએપ મારફતે મોકલી ફરીયાદીને વિશ્વાસમાં લઈ માતબર રકમ મેળવી લઈ ફરીયાદી તથા સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ. તેવી આ કેસ ની ટુંક હકીકત છે. અરજદારપક્ષે એવી રજુઆત છે કે, બનાવની ફરીયાદ આશરે ત્રણ વર્ષના વિલંબ બાદ આપવામાં આવેલ છે. પરંતુ અરજદાર સામેના આક્ષેપોની હકીકતો ધ્યાને લેતા તેમજ અરજદાર મુળ

રાજસ્થાનના રહેવાસી હોય અને હાલ તેઓ મુંબઈ મુકામે રહે છે જેથી ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ થઈ શકે તેમ નથી. વધુમાં ત.ક.અ.શ્રીનું સોગંદનામુ ધ્યાને લેતા અરજદાર સામે અગાઉ પણ આજ પ્રકારના અન્ય ગુન્હાનો નોંધાયેલા છે. આમ પ્રવર્તમાન સયમમાં વિદેશ મોકલવાના બહાને પાસપોર્ટ અને વિઝા કઢાવી આપવાની લાલચ આપી ફ્રોડ કરવાના વધતા જતા બનાવો, તેમજ સદર ગુન્હાની તપાસ ચાલુ હોય અને મહત્વના તબકકે રહેલ હોય તેવા સંજોગોમા આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપી ને બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ હેઠળ ની વિવેકબુધ્ધિની સત્તા વાપરવા કોઈ યોગ્ય કે ન્યાયોચીત કેસ જણાય આવતો ન હોય આ અરજી હેઠળ નીચે મુજબ હુકમ કરવો જરુરી જણાય છે.

**–: હુ ક મ :–**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૫ મી માહે જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

પોરબંદર.
તા.૧૫/૦૬/૨૦૨૬

**(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)**
સ્પે. જજ (એટ્રો.) અને
એડીશ્નલ સેશન્સ જજ,
પોરબંદર.
Code No. GJ-00612